# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-06-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Sunday** **National News**

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

**************************************************

- ✓ NEET–PGની આજે યોજાનારી પ્રવેશ પરીક્ષા મોકૂફ.
- ✓ બિહાર પોલીસે નીટ પરીક્ષામાં ગેરરીતિ મામલે ઝારખંડમાંથી 6 લોકોની ધરપકડ કરી.
- ✓ પ્લેટફૉર્મ ટિકિટના વેચાણ સહિતની અનેક ચીજવસ્તુઓ પર **GST** નહીં લાગે, **GST** પરિષદની બેઠકમાં નિર્ણય લેવાયો.
- ✓ કેરળ, કર્ણાટક અને ગોવામાં આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી, - ગુજરાતમાં પણ કેટલાક સ્થળોએ વાવોઝોડા સાથે વરસાદની શક્યતા.
- ✓ ટી-20 વિશ્વકપ ક્રિકેટમાં ભારતે બાંગ્લાદેશને 50 રનથી હરાવ્યું – હાર્દિક પંડ્યા પ્લેયર ઑફ ધ મેચ.

***********************************

# NEET PG EXAM CANCEL

**આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, આજે યોજાનારી નીટ એટલે કે, રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા અનુસ્નાતકની પ્રવેશ પરીક્ષાને મોકૂફ રાખવામાં આવી છે. પરીક્ષાની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. કેટલીક**

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત ગેરરીતિના તાજેતરના આક્ષેપ બાદ આ નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રાલયે જણાવ્યું કે, મેડિકલ વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય પરીક્ષા બૉર્ડ દ્વારા યોજાનારી નીટ–પીજી પ્રવેશ પરીક્ષા પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં લેવામાં આવ્યો છે.

..................................................................

# NEET ARREST

બિહાર પોલીસે NEET – U.G. પરીક્ષામાં કથિત ગેરરીતિ મામલે ઝારખંડના દેવઘર જિલ્લામાંથી છ લોકોની ધરપકડ કરી છે. દેવઘરના પેટા-વિભાગીય પોલીસ અધિકારી રિત્વિક શ્રીવાસ્તવે કહ્યું કે, શંકાસ્પદ વ્યક્તિઓને દેવીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા એઈમ્સ, દેવઘર નજીકના એક મકાનમાંથી પકડવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને બિહાર લઈ આવવામાં આવ્યા. બિહાર પોલીસનું આર્થિક ગુના એકમ આ મામલાની તપાસ કરી રહી છે.

..................................................................

# NTA DG

નીટ એટલે કે, રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષાના પરિણામ અંગેના વિવાદ વચ્ચે રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.ના મહાનિદેશક સુબોધકુમાર સિંહને

તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. ભારતીય વેપાર વૃદ્ધિ સંગઠનના અધ્યક્ષ અને પ્રબંધ નિદેશક પ્રદીપસિંહ ખરોલાને રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાના મહાનિદેશકનો વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

.............................................................

# BUDGET MEETING

વસ્તુ અને સેવા કર – GST પરિષદે સ્ટીલ, લોખંડ અને એલ્યુમિનિયમથી બનેલા દૂધના ડબ્બા પર એકસરખો 12 ટકા જીએસટીની ભલામણ કરી છે. કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારામને ગઈકાલે નવી દિલ્હીમાં 53મી પરિષદની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જાહેરાત કરી કે, ભારતીય રેલવે દ્વારા યાત્રિઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી પ્લેટફૉર્મ ટિકિટના વેચાણ, રિટાયરિંગ રૂમ, પ્રતિક્ષા કક્ષ અને બેટરીથી ચાલનારી કાર સેવાઓ જેવી સુવિધાઓને G.S.T.માંથી બહાર કરવામાં આવી છે.

શ્રીમતી સીતારામને કહ્યું કે બાયૉમેટ્રિક આધારિત આધાર પ્રમાણીકરણ સમગ્ર ભારત સ્તરે શરૂ થવા જઈ રહ્યું છે. આનાથી સરકારને નકલી ચલાણ દ્વારા કરવામાં આવેલા નકલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ ક્લેમનો સામનો કરવામાં મદદ મળશે. નાણામંત્રીએ કહ્યું કે, નાના કરદાતાઓને મદદ કરવા માટે, પરિષદે G.S.T.R.-4 ફોર્મમાં વિગતો અને રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા 30 એપ્રિલથી 30 જૂન સુધી લંબાવવાની ભલામણ કરી છે.

.............................................................

# AMIT SHAH BETHAK

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉચ્ચસ્તરીય બેઠકમાં દેશમાં પૂર અંગેની વ્યવસ્થાપન માટેની તૈયારીઓની સમીક્ષા કરશે. આ બેઠક દિલ્હીમાં યોજાશે.

.............................................................................

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન કેરળ, કર્ણાટક અને ગોવામાં ભારે વરસાદની આગાહી કરી છે. તમિલનાડુ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ભાગોમાં પણ વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. ઉત્તર પૂર્વ ભારત અને ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળમાં, ભારેથી અતિ ભારે વરસાદ આગામી 5 દિવસ સુધી વરસતો રહેશે. ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં આગામી બે-ત્રણ દિવસ સુધી તોફાની પવન સાથે વાવાઝોડું આવવાની અને વીજળી પડવાની શક્યતા છે.

દરમિયાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના અલગ-અલગ સ્થળોએ આગામી બે દિવસ સુધી હીટ વેવની સ્થિતિ બનેલી રહેશે.

.............................................................................

# T20 WORLD CUP

I.C.C. ટી-20 વિશ્વકપ ક્રિકેટમાં ગઈકાલે રાત્રે એન્ટીગા ખાતે ભારતની ટીમે અને બાંગ્લાદેશની ટીમને 50 રનથી હરાવી દીધી છે. પહેલા બેટિંગ કરતાં ભારતીય ટીમે 20 ઑવરમાં પાંચ વિકેટ ગુમાવી 196 રન બનાવ્યા હતા. જ્યારે બાંગ્લાદેશની ટીમ 8 વિકેટ ગુમાવી 146 રન જ બનાવી શકી. આ મેચમાં ઝડપથી 50 રનનો સ્કોર બનાવનારા ભારતીય ખેલાડી હાર્દિક પંડ્યાને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. ભારતીય ટીમમાંથી વિરાટ કોહલીએ 37, રિષભ પંતે 36, શિવમ દુબેએ 34 અને રોહિત શર્માએ 23 રન બનાવ્યા હતા. જ્યારે કુલદીપ યાદવે ત્રણ, અર્શદીપ સિંહ અને જસપ્રીત બુમરાહે બે-બે અને હાર્દિક પંડ્યાએ એક વિકેટ લીધી હતી. બાંગ્લાદેશની ટીમ તરફથી નજમુલ હુસૈન શાન્તોએ સૌથી વધુ 40 રન બનાવ્યા હતા. જ્યારે તનઝીદ હસને 29, રિશદ હુસૈને 24, લિટોન દાસે 13 રન બનાવ્યા હતા. ટીમ તરફથી તનઝીમ હસન સાકિબ અને રિશદ હુસૈને બે–બે અને સાકિબ અલ-હસને એક વિકેટ લીધી હતી.

આ જીત સાથે જ ભારત સેમિ-ફાઈનલ માટે ક્વાલિફાય થવાની નજીક પહોંચી ગયું છે. તેમજ બાંગ્લાદેશ આ સ્પર્ધામાંથી બહાર થઈ ગયું છે.

..............................................................

# WOMEN CRICKET SECOND MATCH

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મહિલા એક દિવસીય ક્રિકેય શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ આજે બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે.

**આ શ્રેણીમાં ભારત 2–0 થી આગળ છે. પહેલી મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 143 રનથી અને બીજી મેચમાં ચાર રનથી હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકા મહિલા ક્રિકેટ ટીમના ભારત પ્રવાસમાં ત્રણ એક દિવસીય મેચ સિવાય એક ટેસ્ટ મેચ અને ત્રણ ટી–20 મેચનો પણ સમાવેશ થાય છે.**

.............................................................

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD**ને ફોલૉ કરી શકો છો.

.............................................................

# SANSAD SATRA

**18મી લોકસભાનું પહેલું સત્ર આવતીકાલ સોમવારથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર દરમિયાન નવનિયુક્ત સાંસદોને શપથગ્રહણ કરાવવામાં આવશે. વરિષ્ઠ ભાજપ સાંસદ ભતૃહરિ મહતાબ લોકસભાના નવા સાંસદોને શપથ લેવડાવશે. શ્રી મહતાબને અસ્થાયી અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. નવા લોકસભા અધ્યક્ષ માટે 26મી જૂને ચૂંટણી યોજાશે. તેના પછીના દિવસે 27મી જૂને લોકસભા અને**

રાજ્યસભાના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનું અભિભાષણ થશે. આ સંસદ સત્ર ત્રીજી જુલાઈ સુધી ચાલશે.

.................................................................

# MUST - ANNOUCEMENT SANSAD MUDDA

આવતીકાલથી શરૂ થનારા 18મી લોકસભાના પહેલા સત્રની પૂર્વ સંધ્યાએ આજે આકાશવાણીનું સમાચાર સેવા વિભાગ વિશેષ કાર્યક્રમ “સંસદ કે સમક્ષ મુદ્દે” અને “ઈશ્યુઝ બિફોર પાર્લામેન્ટ”નું પ્રસારણ કરશે.

“સંસદ કે સમક્ષ મુદ્દે” આકાશવાણી ગોલ્ડ અને વધારાના મીટર પર, જ્યારે “ઈશ્યુઝ બિફોર પાર્લામેન્ટ” રેઈનબો અને વધારાના મીટર પર આજે રાત્રે સાડા નવ વાગ્યાથી દસ વાગ્યા સુધી સાંભળી શકાશે.

આ કાર્યક્રમ અમારી વેબસાઈટ ‘ન્યૂઝ ઑન એર ડૉટ કૉમ’ અને યુ-ટ્યૂબ ચેનલ ‘ન્યૂઝ ઑન એર ઑફિશિયલ’ ઉપર પણ ઉપલબ્ધ રહેશે.

.................................................................

# BARAMULL MPNIA

નવી દિલ્હીની પટિયાલા હાઉસ અદાલતે જમ્મુ-કાશ્મીરમાં બારામુલા બેઠકથી નવનિયુક્ત સાંસદ રાશિદ એન્જિનિયરની જામીન અરજી સામે જવાબ રજૂ કરવા માટે રાષ્ટ્રીય તપાસ સંસ્થા – N.I.A.ને સમય આપ્યો છે.

બારામૂલાના સાંસદ N.I.A.ની કસ્ટડીમાં છે અને સાંસદ તરીકે શપથગ્રહણ કરવા માટે વચગાળાના જામીન અથવા પેરૉલની માગ કરી રહ્યા છે. રાષ્ટ્રીય તપાસ સંસ્થાએ જણાવ્યું કે, અરજી પર સંસદ અધિકારીઓ અને જેલના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. ન્યાયાધીશ કિરણ ગુપ્તાએ આ મામલે જવાબ અને સુનાવણી માટે આગામી એક જુલાઈની તારીખ નક્કી કરી છે.

.................................................................

# INDIA BANGLADESH

ભારત અને બાંગ્લાદેશે ગઈકાલે બંને રાષ્ટ્રોની સમૃદ્ધિ માટે કનેક્ટિવિટી, વાણિજ્ય અને સહયોગ વધારવા માટે ભવિષ્ય માટેનું વિઝન શેર કર્યું છે. આ વિઝન ડોક્યુમેન્ટ ભારતના વિકસીત ભારત વિઝન 2047 અને બાંગ્લાદેશના સ્માર્ટ બાંગ્લાદેશ વિઝન 2041ને પ્રતિબિંબિત  કરે છે.

નવીદિલ્હીમાં ગઈકાલે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને તેમના બાંગ્લાદેશી સમકક્ષ શેખ હસીના વચ્ચે આ દસ્તાવેજોનું આદાન પ્રદાન  કરવામાં આવ્યુ હતું. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો બાદ પત્રકારોને સંબોધતા ભારતીય વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ કહ્યું કે, બંને દેશોએ ડિજિટલ પાર્ટનરશિપ અંગેના સમજૂતીના કરારના દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા છે. ટકાઉ ભવિષ્ય માટે ગ્રીન પાર્ટનરશિપ દસ્તાવેજ પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે, બંને પક્ષોના નેતાઓએ આતંકવાદ વિરોધી, કટ્ટરવાદનો સામનો કરવા અને બંને દેશો વચ્ચેની લાંબી જમીની સરહદ પર શાંતિ યથાવત રહે તે માટેના પ્રયાસોને વધુ બળવત્ત બનાવવા ઉપર ભાર મૂક્યો હતો.

.............................................................

# PREZ- HASINA MEET

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ ગઈકાલે નવીદિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રી શેખ હસીનાનું સ્વાગત કરતાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે નવી સરકારના શપથ ગ્રહણ સમારોહના થોડા દિવસો પછી, તેમને ફરીથી મળીને આનંદ થયો.

રાષ્ટ્રપતિએ કહ્યું કે 1971ના બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામની યાત્રાથી શરૂ થયેલી મિત્રતા અને સહકારની ભાવના આવી વારંવારની મુલાકાતો સંબધઓને વધુ મજબૂત બનાવે છે. રાષ્ટ્રપતિએ નોંધ્યુ હતું કે, વડાપ્રધાન શેખ હસીનાના નેતૃત્વમાં બાંગ્લાદેશે નોંધપાત્ર આર્થિક પ્રગતિ કરી છે.

વાતચીત દરમિયાન, બંને નેતાઓ આર્થિક સંબંધો, વિકાસ ભાગીદારી, સંરક્ષણ સહયોગ, ઊર્જા સુરક્ષા અને કનેક્ટિવિટી સહિતના તમામ ક્ષેત્રોમાં સંબંધોને વધારવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા હતા.

.............................................................